# ઈતિહાસકાર

ઈતિહાસકાર લેખિત નોંધો, માહિતીઓ, ભૌતિક કલાકૃતિઓ, તસ્વીરો, મુલાકાતો, ફિલ્મો, પત્રો અને અન્ય પ્રાથમિક સ્રોત દસ્તાવેજો જેવા સ્રોતોનો ઉપયોગ કરીને ભૂતકાળની ઘટનાઓનો અભ્યાસ કરે છે. ભૂતકાળમાં શું થઈ રહ્યું હતું અને એક નિશ્ચિત સમયે શા માટે થઈ રહ્યું હતું તે અંગેના પ્રશ્નોના જવાબ આપવા તેઓ આ સ્રોતોમાંથી માહિતી એકત્રિત કરે છે. તેઓ એ સમજવાનો પ્રયત્ન કરે છે કે સમય સાથે વસ્તુઓ કેવી રીતે અને શા માટે બદલાય છે. ઈતિહાસને ત્રણ મુખ્ય વિશેષતાઓમાં વિભાજિત કરી શકાય છે - પુરાતત્વ, સંગ્રહાલય વિજ્ઞાન અને અભિલેખો(આર્કાઈવલ) નો અભ્યાસ.

## વ્યક્તિગત નિપુણતા

- તમે વિગતો પર ધ્યાન આપો છો
- તમે ભૂતકાળને જાણવા અને સમજવામાં રૂચિ ધરાવો છો
- તમે લેખન કૌશલ્ય ધરાવો છો
- તમે સંચાર કૌશલ્ય ધરાવો છો



આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૩,૦૦૦ થી ૧,૦૦,૦૦૦*** જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈપણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. આર્ટ્સ / સામાન્ય પ્રવાહમાં ઈતિહાસ વિષય સાથે સ્નાતક (BA)ની ડિગ્રી પૂર્ણ કરો. ત્યારબાદ, આર્ટ્સ / સામાન્યપ્રવાહમાં ઈતિહાસ વિષય સાથે અનુસ્નાતક (MA)ની ડિગ્રી મેળવો અને પછી Ph.D કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

ઈતિહાસકારનું અંદાજીત માસિક વેતન
રૂ. ૮,૦૦૦ થી ૮૦,૦૦૦* જેટલું હોય છે.

સ્રોત:https://www.payscale.com/research/IN/Job=Historian/Salary/

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** સંશોધન સંસ્થાઓ, સંગ્રહાલયો, યુનિવર્સિટીઓ, જાહેર ક્ષેત્રની પેઢીઓ અથવા ઐતિહાસિક મંડળો/સંગઠનો, મીડિયા, પ્રકાશન ઉદ્યોગ

**કાર્યસ્થળનું વાતાવરણ:** તમે મોટાભાગનો સમય ઓફિસો, વર્ગખંડો અને પુસ્તકાલયોમાં વિતાવશો તેવી શક્યતા છે. કામના કલાકો લવચીક છે. તમારે દૂરના શહેરો અથવા દેશોમાં મુસાફરી કરવી પડી શકે છે. સંશોધન માટે તમારે સંગ્રહાલયો અથવા ઐતિહાસિક સ્થળોની મુલાકાત લેવી પડે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે

## અપેક્ષિત પ્રગતિ પથ

મદદનીશ પ્રોફેસર → ઈતિહાસકાર → પ્રોફેસર
અથવા સંશોધન ઈન્ટર્ન → ઈતિહાસકાર → વરિષ્ઠ ઈતિહાસકાર → વિભાગના વડા

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

હિસ્ટૉરિઅન, એન્શિયન્ટ મેડિવિઅલ હિસ્ટ્રી, રિસર્ચ આસિસ્ટન્ટ ઈન હિસ્ટ્રી

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ ઈતિહાસ વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની અહી આપેલ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. એમ.એસ.યુ., વડોદરા
૨. બિહાર નેશનલ કોલેજ, પટના
૩. લેડી શ્રી રામ કોલેજ, દિલ્હી
૪. પ્રેસિડેન્સી યુનિવર્સિટી, કોલકાતા
૫. ભાવુદિન ગવર્મેન્ટ આર્ટ્સ કૉલેજ, જુનાગઢ
૭. સિલ્વર જ્યુબિલી સરકારી ડિગ્રી કોલેજ, કુર્નૂલ
૮. ગવર્મેન્ટ આર્ટ્સ કૉલેજ, વલસાડ

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. સેંટ ઝેવર્યસ કૉલેજ, અમદાવાદ
૨. ઉમિયા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ફોર ગર્લ્સ, અમદાવાદ
૩. આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, નવસારી
૪. ફર્ગ્યુસન કોલેજ, પુણે
૫. સેન્ટ ઝેવિયર્સ કોલેજ, કોલકાતા
૬. ક્રાઈસ્ટ યુનિવર્સિટી, બેંગલુરૂ
૭. બનાસ્થલી વિદ્યાપીઠ, જયપુર
૮. આંધ્ર લોયોલા કોલેજ, વિજયવાડા
૯. આત્મય યુનિવર્સિટી, રાજકોટ

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- www.ncs.gov.in
- www.skillindiadigital.gov.in
- https://anubandham.gujarat.gov.in

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**પ્રાચી દેશપાંડે** એક ભારતીય ઈતિહાસકાર છે અને કલકત્તાના સેન્ટર ફોર સ્ટડીઝ ઈન સોશિયલ સાયન્સમાં ઈતિહાસના સહયોગી પ્રોફેસર છે. તેણે ફર્ગ્યુસન કોલેજમાંથી સ્નાતક અને જે.એન.યુ.માંથી અનુસ્નાતકની પદવી હાંસલ કરેલ છે. તેણીએ અમેરિકાથી પી.એચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી છે. થોડા વર્ષો સુધી અમેરિકામાં કામ કર્યા બાદ કોલકાતાના સામાજિક વિજ્ઞાનના અભ્યાસ કેન્દ્રમાં જોડાવા તેઓ ભારત પરત ફર્યા. તેણીએ પશ્ચિમ ભારતના ઈતિહાસમાં વિશેષતા ધરાવતા પુસ્તકો લખ્યા છે. તેમના યોગદાન બદલ વર્ષ ૨૦૨૦માં તેમને ઈન્ફોસિસ એવોર્ડ પ્રાપ્ત થયો હતો.*

સ્રોત:https://www.infosysprize.org/laureates/2020/prachi-deshpande.html

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.